પત્રનં. સુડા/યુ.૩/ટી.પી.એસ.– ૩૧(ગવિયર–મગદલ્લા)/ ૨૭૨૬ ૪/૦૫/૦૫

પ્રતિ,
ઉપ સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય,
ગાંધીનગર.

વિષય : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૧(ગવિયર–મગદલ્લા) સુડા, સુરત બનાવવાનો ઈરાદો જાહેર કરવા બાબત.

જયભારતસહ ઉપરોકત વિષયાન્વયે સવિનય જણાવવાનુ કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના ઠરાવ નં.૨૩૭૬(૪) તા. ૦૬/૦૪/૨૦૦૫ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ– ૧૯૭૬ ની કલમ ૪૧ ની પેટા કલમ–૧ અન્વયે નગર રચના યોજના નં. ૩૧(ગવિયર–મગદલ્લા) સુડા, સુરત તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરેલ છે.

સદર ઠરાવ તથા તે સાથે અધિસૂચનની નકલ તેમજ ઉકત નગર રચના યોજનાનો હદ વિસ્તાર દર્શાવતા નકશાની નકલ અને સદરહુ નગર રચના યોજના અગેના ઠરાવ તેમજ અધિસુચન, ગુજરાત રાજય સરકારશ્રીના તા.૧૯/૪/૨૦૦૫ ના અસાધારણ રાજયપત્રમાં પાન નાં ૬૬ અને ૬૭ પર પ્રસિધ્ધ થયાના ગેઝેટની નકલ જાણ સારૂં સાદર કરેલ છે. જે વિદિત થાય.

મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકાસ સત્તામંડળ,
સુરત.

બિડાણ : ઉપર મુજબ.

<u>નકલ જયભારતસહ રવાના :</u>
મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર તરફે.

C:\My Documents\DRAFT TPS NO 37 (VARIYAV)\NAGAR YO 36 VARYAV 6.doc